# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-Nov-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુયાનાની મુલાકાતે – જ્યોર્જટાઉનમાં શ્રી મોદીનું ઔપચારીક સ્વાગત કરાયું.
2) ઝારખંડ અને મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું.
3) દેશમાં એપ્રિલથી સપ્ટેમ્બર મહિનાના સમયગાળામાં કોલસાની આયાતમાં ઘટાડો નોંધાયો
4) પાકિસ્તાનમાં સુરક્ષા ચોકી પર આત્મઘાતી હુમલા થતાં 12 જવાનના મોત, 10 ગંભીર રીતે ઈજાગ્રસ્ત.
5) બિહારમાં મહિલા હૉકીની એશિયન ચેમ્પિયન્સ ટ્રૉફીની ફાઈનલમાં ભારતે ચીનને હરાવ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MODI GUYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે બે દિવસની મુલાકાતે ગુયાના પહોંચ્યા છે. જ્યોર્જટાઉનમાં શ્રી મોદીનું ઔપચારીક સ્વાગત કરાયું. તેમજ તેમને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. પ્રધાનમંત્રી બીજા કેરિકૉમ-ભારત શિખર સંમેલનમાં ઉપસ્થિત રહેશે. દરમિયાન શ્રી મોદી ગુયાનાના રાષ્ટ્રપ્રમુખ ડૉ. મોહમ્મદ ઈરફાન

અલી સાથે સંવાદ કરશે. 56 વર્ષમાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની ગુયાનાનો આ પેહલો પ્રવાસ છે. આ વિશેષ સદભાવના તરીકે હવાઈમથક પર ગુયાનાના રાષ્ટ્રપ્રમુખ અને ગુયાનાના પ્રધાનમંત્રી સેવાનિવૃત્ત બ્રિગેડિયર માર્ક એન્થની ફિલિપ્સે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

હૉટેલ પહોંચતાં પ્રધાનમંત્રીના સ્વાગત દરમિયાન ગુયાનાના રાષ્ટ્રપ્રમુખ સાથે બારબાડૉસનાં પ્રધાનમંત્રી મિયા અમોર મોટલી અને ગ્રેનેડાના પ્રધાનમંત્રી ડિકૉન મિશેલે કર્યું હતું.

ઉપરાંત શ્રી મોદીએ ભવ્ય સ્વાગત કરવા બદલ ભારતીય સમુદાયનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ લખ્યું કે, એક મૂળ સાથે જોડાયેલા રહેવા માટે અંતર ક્યારેય અવરોધ ન હોઈ શકે. ભારતીય સમુદાય ગુયાનામાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની છાપ ઊભી કરી રહ્યો છે તે જાણીને આનંદ થયો.

## GOVT. PM GATISHAKTI

સરકારે જણાવ્યું કે, પીએમ ગતિશક્તિએ 15 લાખ 89 હજાર કરોડ રૂપિયાના 228 માળખાકીય પરિયોજનાઓની સમીક્ષા કરી છે. ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગના અધિક સચિવ રાજીવસિંહ ઠાકુરે આજે નવી દિલ્હીમાં એક સંવાદદાતા સંમેલનમાં જણાવ્યું કે, પીએમ ગતિશક્તિથી પરિયોજનાની કિંમતમાં ઘટાડો આવ્યો છે. તેમજ સમગ્ર કામગીરીમાં સુધારો થયો છે. તેમણે કહ્યું કે, છેલ્લા ત્રણ વર્ષમાં 44 કેન્દ્રીય મંત્રાલય અને તમામ રાજ્ય તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ પીએમ ગતિશક્તિમાં જોડાયા છે

## PREZ TELANGANA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી 2 દિવસ તેલંગાણાનાં પ્રવાસે જશે. હૈદરાબાદમાં આવતીકાલે તેઓ કોટી દીપોત્સવમ્- 2024 કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

જ્યારે શુક્રવારે રાષ્ટ્રપતિ હૈદરાબાદમાં જ લોકમંથન 2024 કાર્યક્રમમાં ઉદ્ઘાટન સંબોધન કરશે.

## JHARKHAND MAHARASHTRA VOTING

ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે. ભારતીય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ઝારખંડમાં સરેરાશ 67.59 ટકા અને મહારાષ્ટ્રમાં 58.22 ટકા મતદાન નોંધાયું છે. ઝારખંડમાં આજે બીજા તબક્કા અંતર્ગત 12 જિલ્લાની 38 બેઠક માટે અને મહારાષ્ટ્રની 288 વિધાનસભા બેઠક પર એક જ તબક્કામાં મતદાન થયું છે.

ઝારખંડમાં સૌથી વધારે સરેરાશ 76.16 ટકા મતદાન જમતારા જિલ્લામાં તો સૌથી ઓછું 60.97 ટકા મતદાન બોકારો જિલ્લામાં નોંધાયું છે. જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી વધારે સરેરાશ 69.63 ટકા મતદાન ગડચિરોલી જિલ્લામાં અને સૌથી ઓછું 49.07 ટકા મતદાન મુંબઈ શહેરમાં થયું છે.

ઝારખંડમાં નક્સલ અસરગ્રસ્ત 31 બૂથ પર સુરક્ષાના કારણોસર બપોરે 4 વાગ્યે જ મતદાન પૂર્ણ કરાયું હતું. ઝારખંડમાં બીજા તબક્કા માટે 528 ઉમેદવાર મેદાનમાં હતા.

## ALL PARTY MEETING

સરકારે સંસદના શિયાળુ સત્ર પહેલા આ મહિનાની 24મી તારીખે સર્વપક્ષની બેઠક બોલાવી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ બેઠકની અધ્યક્ષતા કરશે. બેઠકમાં સરકાર સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાની કામગીરી કરવા માટે તમામ રાજકીય પક્ષનો સહયોગ માગશે.

સંસદનું શિયાળુ સત્ર આ મહિનાની 25 તારીખથી શરૂ થઈને 20 ડિસેમ્બર સુધી ચાલશે. જ્યારે 26 નવેમ્બરે સંવિધાન દિવસના ઉપલક્ષ્યમાં સંસદની કોઈ બેઠક નહીં યોજાય.

## COAL IMPORTS

પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં એપ્રિલથી સપ્ટેમ્બર મહિનાના સમયગાળામાં બિન-નિયમિત ક્ષેત્ર અને કોલસા આધારિત સ્થાનિક વિદ્યુત સંયંત્રોમાં મિશ્રણ માટે કોલસાની આયાતમાં ઘટાડો નોંધાયો છે.

કોલસા મંત્રાલયે આજે જણાવ્યું કે, બિન-નિયમિત ક્ષેત્રની કોલસા આયાત 9.83 ટકા ઘટીને છ કરોડ 32 લાખ 80 હજાર ટન રહ્યું છે. ગયા વર્ષે આ જ સમયગાળામાં કોલસાની આયાત સાત કરોડ 8 લાખ 10 હજાર ટન હતું. વિદ્યુત સંયંત્રોની આયાત એક કરોડ સાત લાખ 10 હજાર ટનથી 8.59 ટકા ઘટીને 97 લાખ 90 હજાર ટન થઈ છે. આ સ્થાનિક કોલસા પર વિદ્યુત સંયંત્રોની નિર્ભરતા દર્શાવે છે.

જોકે, સ્ટીલ ઉદ્યોગ માટે કૉકિંગ કૉલ અને કોલસા આયાત આધારિત વિદ્યુત સંયંત્રોની કોલસા આયાતમાં વધારો થયો છે. પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં એપ્રિલથી સપ્ટેમ્બરના સમયગાળામાં કુલ કોલસા આયાત 1.36 ટકા વધીને 12 કરોડ 95 લાખ 20 હજાર ટન થઈ છે.

## CHHATISGARH ED

પ્રવર્તન નિદેશાલય – EDએ આજે બિટકૉઈન કૌભાંડ કેસ મામલે આજે સાયબર નિષ્ણાત ગૌરવ મેહતાના છત્તીસગઢની રાજધાની રાયપુરમાં આવેલા નિવાસસ્થાન પર દરોડા પાડ્યા હતા.

દરમિયાન EDના અધિકારીઓએ ગૌરવ મેહતાના દસ્તાવેજોની તપાસ કરી હતી. મળતી માહિતી અનુસાર, ગૌરવ મેહતા પુણેની કન્સલ્ટન્સી કંપનીમાં કામ

કરે છે. આ એ જ કંપની છે, જે પુણે પોલીસને અમિત ભારદ્વાજના 6 હજાર 600 કરોડ રૂપિયાના ક્રિપ્ટો કરન્સી કૌભાંડની તપાસમાં મદદ કરી રહી છે.

## IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે લક્ષદ્વીપ, કેરળ અને માહેમાં પણ ભારે વરસાદની શક્યતા છે. વિભાગે જણાવ્યું કે, આ સપ્તાહમાં આંદમાન અને નિકોબાર દ્વિપસમૂહમાં સામાન્યથી હળવો વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, પૂર્વ ઉત્તરપ્રદેશમાં રાત્રે અને સવારે ગાઢ ધૂમ્મસની સ્થિતિ રહી શકે છે. જ્યારે આગામી 2થી ત્રણ દિવસમાં દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની વિસ્તારમાં રાત્રે અને સવારના સમયે મધ્યમથી ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે.

## PAK SUICIDE ATTACK

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાન્તના બન્નુ જિલ્લાના માલીખેલમાં એક સુરક્ષા ચોકી પર આત્મઘાતી હુમલામાં 12 જવાનના મોત થયા છે. જ્યારે 10 ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પ્રાન્તોમાં સુરક્ષા દળો પર વધતા હુમલાઓ વચ્ચે આ આત્મઘાતી હુમલો થયો છે. આ પેહલા બલૂચિસ્તાનમાં એક સરહદ ચોકી પર પણ એક દિવસ પેહલા થયેલા હુમલામાં સાત સૈનિકના મોત થયા હતા.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી**

**શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## HOCKEY

બિહારના રાજગીરમાં મહિલા હોકીની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારતીય મહિલા ટીમે ટ્રોફી જીતી લીધી છે. ભારતે ચીનને ફાઈનલમાં એક શૂન્યથી પરાજય આપ્યો છે. આ સાથે ભારતે સતત ત્રીજી વખત આ ખિતાબ જીતી લીધો છે.

યજમાન ટીમ ગઈકાલે સેમિ-ફાઈનલમાં જાપાનને 2 શૂન્યથી હરાવી ફાઈનલમાં પહોંચી હતી. ભારત માટે નવનીત કૌરે 48મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકને ગૉલમાં ફેરવ્યો હતો. જ્યારે લાલરેમસિયામીએ 56મી મિનિટે ફિલ્ડ પ્લેમાંથી સ્ટ્રોક કર્યો હતો.

## BADMINTON CHINA MASTERS

બેડમિન્ટનમાં, ભારતીય ખેલાડી પી. વી. સિંધુ અને માલવિકા બંસોડ આજે ચીનના શેનઝેનમાં ચાઈના માસ્ટર્સ 2024 સ્પર્ધામાં જીતની સાથે પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયાં છે. સિંધુએ મહિલા સિંગલ્સની પેહલી રમતમાં મલેશિયાનાં બુસાનન ઑન્ગબા-મરુન્ગફાનને 21—17, 21—19થી હરાવ્યાં હતાં. મલેશિયાનાં ખેલાડી સામે સિન્ધુની આ 20મી જીત છે. અત્યાર સુધી આ બન્ને ખેલાડી 21 વખત સામસામે આવી ગયાં છે. આ તરફ માલવિકાએ ડેનમાર્કનાં લાઈન હોઝમાર્ક જેર્સફેલ્ટને 20—22, 23-21 અને 21-16થી હરાવ્યાં હતાં.

દરમિયાન ભારતીય ખેલાડી લક્ષ્ય સેને પેહલા પુરુષ સિંગલ્સની પેહલી રમતમાં સાતમા ક્રમાંક પ્રાપ્ત મલેશિયાનાં લી ઝી જિયાને 21-14, 13-21 અને 21-13થી હરાવ્યાં હતાં. ભારતની પુરુષ જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી પણ આજે ચાઈના માસ્ટર્સમાં તાઈવાનનાં લી ઝે હુઈ અને યાંગ પો હ્વાનની જોડી

સામે રમશે. જ્યારે મહિલા ડબલ્સમાં ભારતનાં ટ્રીસા જૉલી અને તેમનાં સાથી ખેલાડી ગાયત્રી ગોપીચંદ આજે તાઈવાનની જોડી હૂ લિંગ ફાંગ અને ઝેંગ યૂ ચીહ સામે રમશે.

## US EMBASSY KYIV

યુક્રેનની રાજધાની કીવમાં હવાઈ હુમલાની આશંકાને જોતાં અમેરિકાના રાજદ્દૂતભવન બંધ કરાયું છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, યુક્રેનની રાજધાનીમાં રાજદ્દૂતભવન પર આજે એક સંભવિત હવાઈ હુમલાના સમાચાર મળ્યા હતા. સાવચેતીના ભાગરૂપે રાજદ્દૂતભવનને બંધ કરાયું છે અને અમેરિકાના નાગરિકોને હવાઈ ચેતવણીની સ્થિતિમાં તાત્કાલિક સલામત સ્થળ પર જવા તૈયાર રહેવા સલાહ આપવામાં આવી છે.

## COAS NEPAL VISIT

ભારતીય ભૂમિસેનાના અધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આજથી ચાર દિવસ નેપાળના પ્રવાસ માટે રવાના થયા છે. આ પ્રવાસનો ઉદ્દેશ બંને દેશની ભૂમિસેનાઓ વચ્ચે સૈન્ય સહયોગને મજબૂત કરવો અને સહયોગના આ નવા ક્ષેત્રની માહિતી મેળવવાનો છે. દરમિયાન જનરલ દ્વિવેદીને નેપાળની ભૂમિસેનાના જનરલના માનદ રેન્કથી પણ સન્માનિત કરાશે.

જનરલ દ્વિવેદી નેપાળના રાષ્ટ્રપ્રમુખ રામચન્દ્ર પૌડેલ સાથે પણ મુલાકાત કરશે. તેમજ ભારત અને નેપાળ વચ્ચે સંરક્ષણ ભાગીદારીને મજબૂત કરવા અંગે સંવાદ કરશે. તેઓ નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઑલી અને નેપાળના સંરક્ષણ મંત્રી મનબીર રાય સાથે મુલાકાત કરી પરસ્પર હિતોના મુદ્દા અંગે વાતચીત કરશે.

## DELHI UNI VOTE COUNTING

દિલ્હી વિશ્વવિદ્યાલય વિદ્યાર્થી સંઘની ચૂંટણી માટેની મતગણતરી 25 નવેમ્બરે થશે. આ ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી પ્રાધ્યાપક સત્યપાલ સિંહે જણાવ્યું

કે, દિલ્હી વડી અદાલતે તમામ ગેરરીતિઓને દૂર કરવાની શરતો પર દિલ્હી વિશ્વ વિદ્યાલયને 26 નવેમ્બર કે તેનાથી પેહલા મતગણતરી કરવાનો નિર્દેશ આપ્યો છે.

તેમણે કહ્યું કે, ‘સવારની મહાવિદ્યાલય, વિભાગો, સંસ્થા અને કેન્દ્રોને સવારે આઠ વાગ્યાથી અને સાંજની સંસ્થાઓને બપોરે 2 વાગ્યાથી મતગણથરી શરૂ કરવાનો નિર્દેશ અપાયો છે.